મહેસાણા બેઠકના સાંસદને પુનઃ ટિકિટ મળતા જિલ્લા ભાજપમાં વિરોધનો વંટોળ ઉઠ્યો

ઊંઝા, તા. ૨૦

રાજકીય લેબોરેટરી ગણાતા ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં લોકસભાની મહેસાણા બેઠક પર ભાજપના વર્તમાન સાંસદ જયશ્રીબેન પટેલને પુનઃ ટિકિટ આપવાના નિર્ણયથી જિલ્લા ભાજપમાં આંતરિક વિરોધ વંટોળ ઉભો થયો છે. અને ઉમેદવારની પસંદગી બાબતે નહીં વિચારાય તો ભવિષ્યમાં જિલ્લા ભાજપમાં ભંગાળ પડવાની શક્યતા પેદા થઈ છે.

લોકસભાની મહેસાણા બેઠક માટે ટિકિટ મેળવવા માટે ઘણા દાવેદારોએ ઈચ્છા વ્યક્ત કરી હતી. કહે છે કે, જિલ્લામાંથી દાવેદારી કરનારાઓ પૈકી કેટલાકે વર્તમાન સાંસદ જયશ્રીબેન પટેલને ટિકિટ ન મળે તે માટે અંદર ખાનગી પાર્ટીના મોવડીમંડળ સમક્ષ રજૂઆત કરી હતી. આમ છતાં ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ અને ચૂંટણી સમિતિએ મહેસાણા બેઠક પરથી જયશ્રીબેન પટેલની પુનઃ પસંદગી કરીને ટિકિટ આપતા જિલ્લા ભાજપ કાર્યાલય આગળ આતશબાજી કરી મીઠાઈ વહેંચી ઉમેદવારની પસંદગીને વધાવી લીધી હતી.

પરંતુ ટિકિટની ઘોષણાને પગલેજ કથિત નારાજ થયેલ ભાજપના કેટલાક આગેવાનો, વર્તમાન ધારાસભ્ય, પૂર્વ મંત્રીઓ, ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખો, ચોર્યાસી પાટીદાર સમાજના અગ્રણીઓ તેમજ ભાજપ સંગઠનના કાર્યકરો આજે સવારે ઊંઝા ખાતે કડવા પાટીદારોના કુળદેવીશ્રી ઉમિયા માતાજી મંદિરના હોલમાં એકત્ર થઈને ખાનગી મીટીંગ યોજી હતી.

ટિકિટ ફાળવણી બાબતે બેઠકમાં હાજર ભાજપના આગેવાનો અને ૮૪ પાટીદાર સમાજના અગ્રણીઓ, કાર્યકરોએ બેઠકમાં શાંત વિરોધ પ્રદર્શન કરી પક્ષની મર્યાદામાં રહીને અવાજ રજૂ કર્યો હતો. અને ઉમેદવારની પસંદગી અંગે ફેરવિચારણા નહીં થાય તો આગળ ઉપર નારાજગી વધવાની સંભાવના વ્યક્ત કરી હતી. આવી સ્થિતિના લીધે ભાજપનો ગઢ ગણાતા મહેસાણા જિલ્લામાં ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી ભાજપના ઉમેદવાર માટે પડકાર સમાન બને તો નવાઈ નહીં તેવું કહેવાય છે.

હાલ મહેસાણા બેઠક પર ભાજપના ઉમેદવારની પસંદગી બાબતે આંતરિક વિરોધ અને અસંતોષને લઈને મહેસાણા સહિત ઉ.ગુ.ની અન્ય બેઠકો પર પણ અસર પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જિલ્લા ભાજપમાં સૌ પ્રથમવાર લોકસભા બેઠકના ઉમેદવારની પસંદગી બાબતે અસંતુષ્ટોએ વિરોધ વ્યક્ત કરેલ છે.

આજે સવારે ઊંઝા ઉમિયા માતાજી મંદિરના હોલમાં માતાજી સંસ્થાનના પ્રમુખ અને મહેસાણાના પૂર્વ ધારાસભ્ય તેમજ પૂર્વ પ્રધાન અનિલભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, રમણભાઈ પટેલ (સ્ટારલાઈન મહેસાણા) માજી પ્રધાન ખોડાભાઈ પટેલ, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ જશુભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ, અંબાલાલ પટેલ, એ.જે. પટેલ (ચવેલીવાળા) ૮૪ પાટીદાર સમાજના અગ્રણી રામભાઈ પટેલ, કીરીટભાઈ પટેલ સહિત ભાજપના કાર્યકરો સહિત લગભગ ૨૫ જેટલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક પૂર્ણ થયા બાદ અચાનક મહેસાણા લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે જાહેર થયેલ જયશ્રીબેન પટેલ ઉમિયા માતાજીના મંદિરે દર્શન કરવા માટે આવ્યા હતા.

ખેડબ્રહ્માની સ્ટેટ બેંકમાંથી બારોબાર રૂપિયા ઉપડી ગયા

પાસવર્ડ તથા કાર્ડના નંબરનો ઉપયોગ કરી આ કરામત કર્યાનું બહાર આવ્યું

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્માની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાંના બચત ખાતામાંથી બારોબાર રૂ. ૭૦૦૦ ઉપડી જતા ખાતેદારે બેંકને અને પોલીસને જાણ કરી હતી.

આ અંગેની વિગતો એવી છે કે ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસકંપાના નરસિંહભાઈ ખેતાભાઈ પટેલ ખેડબ્રહ્મામાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં બચતખાતા નંબર ૩૩૫૩૧૮૪૧૮૬૭ ધરાવે છે. મંગળવારના રોજ નરસિંહભાઈ તેમના ખેતરમાં ટ્રેક્ટરથી ખેડી રહ્યા હતા ત્યારે મોબાઈલ નંબર ૦૭૫૪૨૯૭૨૩૮૮ ઉપરથી તેમના મોબાઈલ નંબર ૭૪૨૭૩૬૫૨૧૦ ઉપર ફોન આવ્યો હતો. અને બેંકમાંથી બોલુ છુ અને તમારા એકાઉન્ટ નંબરની જરૂર છે. તો આપો. પહેલા તો નરસિંહભાઈ ના પાડી દીધી પણ ખાતાની વિગતો માટે તાકીદ કરતા ઘરે જઈ ખાતાના નંબરની વિગતો આપી હતી. થોડી વારમાં જ તેમના મોબાઈલમાં મેસેજ આવવા શરૂ થઈ ગયા હતા અને રૂ. ૭૦૦૦ ઉપડી ગયાની જાણ થઈ હતી. જેમાં બે વખત રૂ. ૨૦૦૦ અને ત્રણ વખત ૧૦૦૦ મળી કુલ રૂ. ૭૦૦૦ ઉપડી ગયા હતા. તુરત જ તેઓએ એસ.બી.આઈ. અને પોલીસ સ્ટેશને જાણ કરી કાયદેસરની કાર્યવાહી કરવા જાણ કરી હતી.

ખેડબ્રહ્મા એસ.બી.આઈ.ના સુત્રોના જણાવ્યા અનુસાર આવુ પી.ઓ.એસ. સીસ્ટમ હેઠળ થઈ શકે છે. આ કિસ્સામાં મુંબઈના કોઈ મોલમાં ખરીદી માટે પાસવર્ડ તથા ખાતાના નંબરનો દુરઉપયોગ થયો હોવાનું જણાય છે. જેથી અજાણ્યા માણસોને પાસવર્ડ સહીતની વિગતો આપવા સામે લાલબત્તી સમાન આ કિસ્સો છે.

અમદાવાદની એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં થેલેસેમિયા નિદાન કેમ્પ યોજાયો

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત 'થેલેસેમિયા ટેસ્ટ'નું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

થેલેસેમિયા એ બાળકને જન્મથી વારસામાં મળતી બિમારી છે. જેમાં બાળકના શરીરમાં લોહી બનતુંજ નથી. આ કારણથી તેને હંમેશા બીજાના લોહી પર જીવવું પડે છે. બાળક ખૂબ નાનું હોય ત્યારે એક મહીને એક બોટલ લોહી ચઢાવવું પડે છે. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ નિશ્ચિત સમયાંતરે નિયમિત લોહી ચઢાવવું પડે છે. આવા બાળકોને સતત બહારનું લોહી ચઢાવવાને કારણે બીજી અનેક તકલીફોનો સામનો કરવો પડે છે. બાળક જયારે પાંચ વર્ષનું થાય ત્યારથી તેને આઠ કલાક ચાલે તેવું ઈન્જેકશન પેટ પર આપવામાં આવે છે. જે નિયમતિ લેવું પડે છે. આમ આ બિમારી પાછળ બાળકનું કુટુંબ શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક રીતે પાયમાલ થઈ જાય છે.

થેલેસેમિયા માઈનર હોવું એ કોઈ બિમારી નથી પરંતુ જો પતિ પત્ની બંને થેલેસેમિયા માઈનર હોય તો આવનારું બાળક થેલેસેમિયા મેજર જન્મે છે. આથી થેલેસેમિયા માઈનર ઘટક ધરાવનારે થેલેસેમિયા નોર્મલ ઘટક ધરાવતી વ્યકિત સાથે જ લગ્ન કરવા જોઈએ જેથી બાળક થેલેસેમિયાની બિમારીનો શિકાર બનતા અટકે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ કોલેજના યુવા વિદ્યાર્થીઓને પોતાના લોહીના ઘટકને ઓળખવાના ઉદ્દેશથી આ થેલેસેમિયા નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેથી લગ્ન સમયે તેઓ પોતાના પાત્રની પસંદગી યોગ્ય રીતે કરી શકે. થેલેસેમિયાનો હજુ સુધી સચોટ ઈલાજ શોધાયો ન હોવાથી થેલેસેમિયા ગ્રસ્ત ગર્ભસ્થ શિશુને જન્મ ન આપવો તેવો મત પ્રવર્તેછે.

પોશીના તાલુકામાં પ્રાથમિક શિક્ષકો ફરજ પ્રત્યે બેદરકાર

ખેડબ્રહ્મા, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો નિયમિત ફરજ બજાવતા ન હોવાનું અને ફરજ પ્રત્યે બેદરકારી દાખવતા હોવાનું ટીડીઓની કેટલીક શાળાઓની ઓચીંતી તપાસમાં બહાર આવતા સાત શિક્ષકોને કારણદર્શક નોટીસો ફટકારવામાં આવતા શાળામાં અનિયમિત રહેતા અને શાળાના સમય દરમિયાન ગુલ્લી મારતા શિક્ષકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

પોશીના તાલુકાની અંતરીયાળ પ્રાથમિક શાળાઓના શિક્ષકો શાળામાં નિયમિત હાજર ન રહેતા હોવાથી આદીવાસી વિસ્તારના બાળકોના પાયાના શિક્ષણ ઉપર માઠી અસરો થઈ રહી છે. મોટાભાગના શિક્ષકો પોતાના મુખ્ય મથકે રહેતા નથી અને શિક્ષણ વિભાગનો આઠ કિલોમીટર સુધી અપડાઉન કરવાનો પરિપત્ર હોવા છતાં આ પરિપત્રને ઘોળીને પી જતા કેટલાક પ્રાથમિક શિક્ષકો ૧૦૦ કિલોમીટર કરતા વધુ અંતરેથી પોતાની ગાડીઓમાં અપડાઉન કરતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અંતરિયાળ શાળાના પ્રા. શિક્ષકોએ શાળામાં મોડા પહોંચવું અને સમય પહેલા નીકળી જવુ એવો અપડાઉન કરતા શિક્ષકોએ વણ લખ્યો નિયમ બનાવી દીધો છે. જેથી ગત શનિવારે ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારી કે.જે. પટેલ તથા ટી.કે.એન. એમ.વી. પટેલ પોશીના તાલુકાની આંજણી કાલીકાંકર-દંત્રાલ-અજાવાસ-ખંઢોળા સહીત ની શાળાઓને ઓચીંતી મુલાકાત લીધી હતી. જેમાં સાત શિક્ષકો શાળામાં ગેરહાજર હોવાનું જણાઈ આવ્યુ હતું. શાળામાં પ્રા. શિક્ષકોની ગેરહાજરીથી ટીડીઓ પણ અચંબામાં પડી ગયા હતા જેથી કાલીકાંકર પ્રા. શાળાના ત્રણ આંજળીના ત્રણ તથા આજાવાસના એક શિક્ષકને કારણદર્શક નોટીસો ફટકારવામાં આવી હતી. ખેડબ્રહ્મા ટી.કે.એન. મનહરલાલ વી. પટેલે જણાવ્યું હતુ કે ગેરહાજર પ્રાથમિક શિક્ષકોનો પગાર કાપવા સહીતના શિક્ષાત્મક પગલા ભરવાના હોઈ શિક્ષકોને ખુલાસા કરવા કારણદર્શક નોટીસો આપવામાં આવી છે અને ભવિષ્યમાં પણ ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાની પ્રા. શાળાઓની ઓચીંતી મુલાકાત લેવામાં આવશે. પ્રા. શાળાના શિક્ષકોને કારણદર્શક નોટીસો ફટકારતા શાળાની ફરજ દરમિયાન ગુલ્લી મારતા શિક્ષકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ટી.ડી.ઓ. દ્વારા નોટીસ ફટકારવામાં આવેલ શિક્ષકોમાં આજાવાસ પ્રા. શાળાના મનીષભાઈ પ્રભાશંકર દિક્ષિત, કાલીકાંકર પ્રા. શાળાના - અરવીંદભાઈ બી. ખાંટ, સરલાબેન અસારી, પુષ્પાબેન ચૌધરી, આંજણી પ્રા. શાળાના દુર્ગેશ શંકરભાઈ ગેલાત, કનુભાઈ કાળાભાઈ રાઠોડ, રાજકુમાર એલ. પટેલને નોટીસ ફટકારવામાં આવી છે.

ખેડબ્રહ્માની સ્ટેટ બેંકમાં રૂ. ૧૧૦૦ની નકલી નોટ મળી

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા શહેરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માં ભરણામાં આવેલી રૂ. ૧૦૦૦ની એક તથા રૂ. ૧૦૦ની એક એમ રૂ. ૧૧૦૦ની ચલણી નોટ બનાવટી હોવાનું જણાતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

ખેડબ્રહ્મા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર એસ.બી.આઈ.ની શાખામાં તા. ૧૪-૧૦-૨૦૧૩ના સમયગાળા પહેલા ભરણામાં આવેલી રૂ. ૧૦૦૦ની એક તથા રૂ. ૧૦૦ની એક ચલણી નોટ બનાવટી હોવાનું રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા-અમદાવાદના ધ્યાન ઉપર આવતાં રૂ. ૧૧૦૦ની આ બે બનાવટી નોટો ખેડબ્રહ્મા શાખાને પરત કરવામાં આવી હતી. જેથી શાખાના મેનેજર એ.એચ. ભગોરાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જેથી પોલીસે બનાવટી નોટનો ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહી છે.

બનાસકાંઠા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને પાલનપુર ખાતે ચૂંટણી તૈયારીઓ માટેની બેઠક યોજાઈ હતી. જેમાં મતદાન મથકો અને પોલીંગ ઓફીસરની તાલીમ તથા આચારસંહિતાના અમલીકરણ જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા યોજાઈ હતી અને તૈયારી સંદર્ભે કામગીરી અંગે સમીક્ષા કરાઈ હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પ્રાંતિજમાં જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ

પ્રાંતિજના અસંખ્ય વેપારીઓ અને સંચાલકો હજુ સુધી દુકાન ઓફિસોમાં સી.સી. ટીવી કેમેરા લગાવ્યા નથી

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ નગરના મુખ્ય બજારની અનેક દુકાનો અને શૉ રૂમ સહિત હોટલો અને રેસ્ટોરન્ટના સંચાલકો સી.સી.ટીવી કેમેરા ન લગાવી ખુલ્લેઆમ કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી રહ્યા છે. ત્યારે જિલ્લા એસ.ઓ.જી. તંત્રને આ વિસ્તારમાં ડોકીયુ કરવાનો પણ સમય નથી. આથી સંચાલકોને કોઈનો પણ ડર રહ્યો નથી ત્યારે એસ.ઓ.જી. જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવે તેવું પ્રજા ઈચ્છી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વર્તમાન સમયમાં વધતી જતી ગુનાહીત પ્રવૃત્તિઓને રોકવા તેમજ ગુનાહીત પ્રવૃત્તિ થયા બાદ તપાસમાં મદદરૂપ થાય તે માટે રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટર દ્વારા જાહેર સ્થળો, દુકાનો, ઓફિસો, એ.ટી.એમ., શૉરૂમ, બેંકો વગેરે સ્થળોએ ફરજીયાતપણે સી.સી. ટીવી કેમેરા લગાવવા તેવું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. તેમ છતા હજુ સુધી પ્રાંતિજ શહેરી વિસ્તારમાં ધમધમતી મોટાભાગની દુકાનો, હોટલો, શૉ રૂમ, બેંકો, રેસ્ટોરન્ટ વગેરેમાં સંચાલકોએ સી.સી. ટીવી કેમેરા લગાવ્યા નથી. અને બિન્દાસપણે જાહેરનામાનું ઉલ્લંઘન કરી રહ્યા છે. તો બીજી તરફ ઘણા બધા હેસ્ટહાઉસ અને હોટલોમાં પણ નિયમિત એન્ટ્રી રજીસ્ટર ધરાવવામાં આવતુ નથી ત્યારે જિલ્લા એસ.ઓ.જી.ની ટીમ આ વિસ્તારમાં ખુલ્લે આમ જાહેરનામાનો ભંગ કરનાર વેપારીઓ અને સંચાલકો સામે લાલ આંખ કરી કાયદાનું ચુસ્તપણે પાલન કરાવે તેવું સ્થાનિક નાગરિકો ઈચ્છી રહ્યા છે.

ધનસુરામાં એક દશકાથી બંધ વરલી-મટકાના અડ્ડાઓ ધમધમવા લાગ્યા

ધનસુરા, તા. ૨૦

છેલ્લા એક દશકાથી મુત પાય થઈ ગયેલા વરલી મટકાનો કારોબાર ધનસુરા તાલુકામાં ધમધમવા લાગ્યો છે. જુગારના રવાડે યુવાધન અને કેટલાય નિર્દોશ કુટુંબો હોમાવા લાગ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા અને ધનસુરા તાલુકામાં હવા ચાલી રહી છે કે ૧૦ વર્ષથી બંધ થયેલા જુગારના અડ્ડા કોની છત્રછાયા હેઠળ ચાલુ થઈ રહ્યા છે ? તેમજ ધનસુરા પોલીસ શુ કરી રહી છે તેવા પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

સમગ્ર અરવલ્લી જિલ્લામાં વરલી મટકાના અડ્ડાઓનું નામો નિશાન પણ જોવા મળતુ ન હતુ. જિલ્લામાં જુગારના અડ્ડાઓ ન હોવાથી જિલ્લાની પ્રજા અને યુવાધન ખોટા ધંધાથી દૂર રહેતા હતા. જિલ્લામાં વસતા કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જણાતી હતી.

સમગ્ર જિલ્લામાં ૧૦ વર્ષમાં જોવા મળતુ ન હતુ તે વરલી મટકાના દુષણે જિલ્લાને બાનમાં લીધો છે. જિલ્લાને ખરાબ નજર લાગી ગઈ છે. ધનસુરામાં નેસ્તનાબુદ થયેલો જુગારનો ધંધો ફુલ્યોફાલ્યો છે. ત્યારે સવાલ એ થાય છે કે અહિની પોલીસ શું કરી રહી છે.

બંધ થઈ ગયેલા જુગારના અડ્ડાઓ ચલાવવા કોના આશીર્વાદ મળી રહ્યા છે. જો અરવલ્લી જિલ્લા અને ધનસુરાની પ્રજાને ખબર છે કે અડ્ડાઓ ચાલુ થયા છે તો પોલીસને કેમ નહિ ? શું પોલીસને હપ્તા પેટે માતબર રકમ મળી રહી છે તેવા સણસણતા સવાલો થવા લાગ્યા છે.

તેમજ જિલ્લામાં દેશી-વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. દારૂનો નશો કરી દારૂડિયાઓ ખુલ્લેઆમ છાકટા બની ફરી રહ્યા છે. ભર-બજારમાં મહિલાઓ અને છોકરીઓ ખરીદી કરવા આવતી હોય છે ત્યારે છેડતીની ઘટનાઓની આશંકા સેવાઈ રહી છે. મહિલાઓ દારૂડિયાઓના કારણે બજારમાં ખરીદી કરવા આવતા ગભરાય છે. ત્યારે પોલીસ ઘટના બન્યા પછી કાર્યવાહી કરશે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. જિલ્લાની બોટી સરહદોના કારણે રોજ લાખોના દારૂની હેરાફેરી થઈ રહી છે. જો આ દૂષણને બંધ કરવામાં નહિ આવે તો જિલ્લો બરબાદી તરફ ધકેલાઈ જશે.

મુલોજમાં હોળી-ધુળેટીની હર્ષ ભેર સાથે ચાડીયાનો મેળો યોજાયો

મુલોજ, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મુલોજ ગામે હોળી અને ધુળેટીની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. ગામડાઓમાં લોક સંસ્કૃતિનો માહોલ જોવા મળ્યો હતો. મુલોજ ગામમાં હોળી-ધુળેટીની ઉજવણી ઘેંરૈયાઓ મનમુકીને ઢોલ-નગારા તથા સ્ત્રીઓએ ભાતીગળ રિવાજો મુજબ લેમીમ દ્વારા નૃત્યો કરે છે. નાના-મોટા બાળકો તથા વડીલો દાંડિયા નૃત્યથી ઉજવણી કરે છે. વહેલી સવારે ધુળેટીના દિવસે પોતાના ઘરના બારણાં ખુલ્લા મુકી સમગ્ર ગામના લોકો ઢોલ વગાડતા વગાડતા રાસ રમતાં હોળી સ્થળે એકત્રિત થઈ કલાકો સુધી રાસની રમઝટ બોલાવે છે. હોળી પ્રગટાવાય છે. નાળિયેર અને પાણીના લોટાથી હોળીની પ્રદિક્ષણા કરવામાં આવી હતી. મધ્ય સ્તંભ પર બાંધેલ ધજા લેવા માટે જુવાનીઓએ પડાપડી કરી હતી. લોકમાન્યતા મુજબ જે ધજાને ઝીલી લે તેના ઘરે પુત્રનો જન્મ થાય. તેમજ ધન ધાન્ય પેદા થાય તેવી વાયકા છે. આ પ્રસંગે ગામના અગ્રણીઓ હાજર રહ્યા હતા. મોડાસા તાલુકાના યુવા કોંગ્રેસના પ્રમુખ વનરાજસિંહ ખાંટ હાજર રહ્યાં હતા. ચાડીયાનો મેળો જોવા હજજારો લોકો ઉમટ્યા હતા. મેળામાં પંચમહાલ, રાજસ્થાનના લોકો ઉમટ્યા હતા. ગામડાઓમાં લોકમેળો પ્રચલિત છે. ચાડીયાના મેળાનું સંચાલન સામાજિક કાર્યકર મગનભાઈ એલ. ખાંટે કર્યું હતું.

ધોરણ ૧૦ પરીક્ષામાં વધુ એક કોપી કિસ્સો

ધોરણ-૧૦ની સામાજિક વિજ્ઞાનનું પરીક્ષા આજે લેવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી નોંધાયેલ કુલ ૮,૮૦,૪૩૬ વિદ્યાર્થીઓમાંથી ૮,૬૬,૩૬૪ વિદ્યાર્થીઓએ હાજર રહીને પરીક્ષા આપી હતી જ્યારે ૧૪,૦૭૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમ્યાન રાજ્યમાં એકમાત્ર કોપી કેસ સાબરકાંઠા જિલ્લામાં નોંધાયો હતો. જેને બાદ કરતા સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા લેવાઈ હતી જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સામાજિક વિજ્ઞાનના પેપર નોંધાયેલ ૨૨૩૮ વિદ્યાર્થીઓમાંથી ૨૨૧૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી.

દુઃખદ અવસાન

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ તાલુકા પંચાયતના સિનિયર ક્લાર્ક સતિષકુમાર બાલકૃષ્ણ રાવલના માતુશ્રી હસુમતિબેન રાવલનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું ૨ ઉમી માર્ચને રવિવારના રોજ તેમના નિવાસસ્થાન શાંતિનાથ સોસાયટી રેલવે સ્ટેશન વિસ્તારમાં રાખેલ છે.

પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગ્રૂપના સભ્યોનો શપથવિધિ સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૦

પ્રાંતિજ જાયન્ટસ ગ્રુપ દ્વારા પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે આવેલ મહાકાળી મંદિર ખાતે સંસ્થાના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો હતો.

પ્રાંતિજ શહેર સહિતના તાલુકામાં અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલ જાયન્ટસ ગ્રુપ ગોલ્ડ અને જાયન્ટસ ગ્રૂપ સહેલીના પ્રમુખ તથા નવા બનેલ સભ્યોને શપથવિધિ સમારોહમાં શપથ લીધા હતા. જ્યારે જાયન્ટસ ગ્રૂપ ગોલ્ડના પ્રમુખ તરીકે ખમાર રિતેષભાઈ તથા જાયન્ટ્સ ગ્રૂપ સહેલીના મહિલા પ્રમુખ તરીકે મનીષાબેન શર્માએ શપથ લીધા હતા જ્યારે જાયન્ટસમાં નવા બનાવેલા સભ્યોને પણ પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગ્રૂપની સ્થાપના કરનાર ડૉ. એન.કે. ડેરિયા દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે નિવૃત્ત આચાર્ય ભીખાભાઈ પટેલ, ભરતભાઈ ફડીયા, મિતેષભાઈ શાહ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટાટની પરીક્ષા માટેની ઓનલાઈન અરજી મુદત વધારવા માંગ

ટાટ માટે એમએસસી આઈટી અને સીએના વિદ્યાર્થીઓને બીએડમાંથી મુક્તિ આપવા માંગ : ચર્ચાવિચારણાનો દોર

અમદાવાદ, તા.૨૦

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં શિક્ષકની ટાટ પરિક્ષામાં એએસસી આઈટી અને સીએના વિદ્યાર્થીઓ માટે પણ બીએડ ફરજીયાત બનાવવામાં આવ્યં છે. જેના પ્રત્યે ઉમેદવારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. ઉમેદવારો દ્વારા ટાટ પરીક્ષામાં એમએસસી આઈટી અને સીએના વિદ્યાર્થીઓને બીએડમાંથી મુક્તિ આપવા માટે માંગણી કરવામાં આવી રહી છે અને ઓનલાઈન અરજીની તારીખમાં ૧૫ દિવસનો વધારો કરી આપવાની માંગણી અને સરકાર માંગણી નહીં માંગે તો કોર્ટમાં જવાની ચિમકી પણ આપી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કોમ્પ્યુટરના શિક્ષકની ભરતી માટે ટાટ પરીક્ષાની જાહેરાત કરવામાં આવી છે. આ પરીક્ષા આપવાની લાયકાતમાં એમસીએ કરેલ વિદ્યાર્થીઓને બીએડમાંથી મુક્તિ આપવામાં આવી હતી. જ્યારે માસ્ટર ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશનની ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે બીએડની ડિગ્રી ફરજીયાત લાયકાતમાં મુકવામાં આવી છે. જેને કારણે આ કોર્ષનાં વિદ્યાર્થીઓએ રજુઆત કરી છે કે, એમસીએ કોઈ પણ વિદ્યાશાકામાં ધરાવતો સ્નાતક એડમીશન લઈ શકે છે જ્યારે એમએસસીમાં કોમ્પ્યુટર વિષય સાથે સ્નાતક હોય તેજ એડમીશન મેળવી શકે છે. એમસીએમાં પ્રથમ કોમ્પ્યુટરનું પ્રાથમિક માહિતી તથા લેંગ્વેજ જ રહે છે જ્યારે એમએસસી કોમ્પ્યુટરમાં ડિગ્રી અથવા ડિપ્લોમા કરેલ જેને એડમીશન આપવામાં આવતું હોવાથી તે પહેલાથી જ કોમ્પ્યુટરના જાણકાર હોય છે. એમએસસીની લાયકાત એમસીએ કરતા ક્યાંય વધુ હોવાથી તેને પણ એમસીએની જેમ બીએડમાંથી મુક્તિ આપવાની માંગણી કરવામાં આવી છે.હાલમાં કોમ્પ્યુટર શિક્ષક ટાટ પરીક્ષાની છેલ્લી તારીખ પણ ચાલી ગઈ હોવાથી એમએસસી આઈટી એન્ડ સીએને બીએડમાંથી મુક્તિ આપીને પરીક્ષાની તારીખ ૧૫ દિવસ વધારી આપવાની માંગણી કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન